# 4th Round of India-Guyana Foreign Office Consultations

# ભારત-ગુયાના વિદેશ કચેરીનાં પરામર્શોનો 4થો રાઉન્ડ

29 નવેમ્બર, 2022

ભારત અને ગુયાનાએ 28 નવેમ્બર 2022 નાં રોજ જ્યોર્જટાઉનમાં વિદેશ કચેરીનાં પરામર્શોનો 4થો રાઉન્ડ યોજ્યો હતો. ભારતનાં વિદેશ મંત્રાલયમાં સચિવ (પૂર્વ) શ્રી સૌરભ કુમાર દ્વારા ભારતીય પક્ષની આગેવાની કરવામાં આવી હતી અને ગુયાના ગણરાજ્યનાં વિદેશી બાબતો અને આંતરરાષ્ટ્રિય સહકાર મંત્રાલયનાં બહુપક્ષીય બાબતોનાં વિભાગનાં નિર્દેશક રાજદૂત જ્યોર્જ તાલબોટ દ્વારા ગુયાનાનાં પક્ષની આગેવાની કરવામાં આવી હતી.

2. સંસ્થાકીય સંવાદોએ રાજકીય, વ્યાપારી અને આર્થિક, તેલ અને ગેસ, અન્ન સુરક્ષા, કૃષિ, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ્સ, આઈસીટી, શિક્ષણ અને S&T, વિકાસ ભાગીદારી, આબોહવામાં ફેરફાર અને સંસ્કૃતિ જેવા ક્ષેત્રો સહિત દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા કરવાની તક પ્રદાન કરી હતી. બન્ને પક્ષોએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ અને CARICOM સહિતની બહુપક્ષીય સંસ્થાઓમાં સહકાર પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું.

3. ભારતનાં સચિવ (પૂર્વ) ગુયાના ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. મહમદ ઈરફાન અલિને મળ્યા હતા જેઓની સાથે ઉપ રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમાન ભારત જગદેવ, વિદેશી બાબતો અને આંતરરાષ્ટ્રિય સહકારનાં મંત્રી મહામહિમ શ્રીમાન હ્યુ ટોડ અને જાહેર કાર્યોનાં મંત્રી મહામહિમ શ્રીમાન ઈન્દર દેવદત હાજર રહ્યા હતા. રાષ્ટ્રપતિ અલિએ વ્યક્ત કર્યું હતું કે બન્ને દેશો માત્ર સમાન વારસો ધરાવે છે એટલું જ નહીં પરંતુ સમાન મૂલ્યો પણ ધરાવે છે. તેઓએ દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવાની જરૂરીયાત પર ભાર મૂક્યો હતો અને પ્રકાશ પાડ્યો હતો કે ગુયાના ઝડપી વૃદ્ધિ અને વિકાસ માટે કટિબદ્ધ છે. બન્ને પક્ષોએ તેલ અને ગેસ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાઓ, સંરક્ષણ સહકાર, ક્ષમતા નિર્માણ અને કૌશલ્ય ધરાવતી માનવશક્તિની ગુયાનાની જરૂરીયાત સહિતનાં બૃહદ શ્રેણીમાં ક્ષેત્રોમાં સહકારની ચર્ચા કરી હતી. ભારતનાં સચિવ (પૂર્વ) દ્વારા ગુયાનાનાં રાષ્ટ્રપતિ અલિને 17માં પ્રવાસી ભારતીય દિવસ સંબંધિત વ્યવસ્થાઓ વિશે માહિતી આપવામાં આવી હતી જેમાં તેઓ ભારતનાં વડાપ્રધાનનાં આમંત્રણ પર મુખ્ય અતિથિ તરીકે ભાગ લેશે.

4. ભારતનાં સચિવ (પૂર્વ) જ્યોર્જ ટાઉનમાં CARICOM નાં મુખ્યાલય ખાતે CARICOM નાં નાયબ મહા સચિવ મહામહિમ ડૉ. આર્મસ્ટ્રોંગ એલેક્સિસને પણ મળ્યા હતા. બન્ને પક્ષોએ ભારત-CARICOM સંબંધોમાં તાજેતરમાં આવેલા વેગનું સ્વાગત કર્યું હતું અને તેને વધારે મજબૂત કરવા કાર્ય કરવા સંમત થયા હતા.

5. બન્ને પક્ષો નવી દિલ્હીમાં પરસ્પર સાનુકૂળ તારીખે પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**જ્યોર્જટાઉન**
**28 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.